CCPS An AIChE Technology Alliance
Center for Chemical Process Safety
www.aiche.org/ccps

Process Safety Beacon
http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx
ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો

This issue sponsored by
ioMosaic®
Minimizing risk. Maximizing potential.®
www.iomosaic.com

# છુપાયેલા જોખમો !

ઓગસ્ટ -૨૦૧૯

કેટલાક જોખમો બીજા કરતાં વધારે સ્પષ્ટ હોય છે. આપણે બધાં ધારદાર ચપ્પુ ને આદર આપીએ છીએ, કારણકે તેનાથી ગંભીર કપાવાની ઈજા થઈ શકે છે. આ જ વાત જોખમી રસાયણો ભરેલાં અને યોગ્ય લેબલ લગાડેલા ડ્રમ માટે કહી શકાય. પરંતુ પાઈપ કે વેસલ આખું ભરેલું છે કે ખાલી છે, દબાણ નીચે છે કે નથી તે નકકી કરવું અઘરૂં છે. તમારા ઉત્પાદન પ્લાન્ટમાં વપરાતાં પદાર્થો અને એનર્જી સાથે સંકળાયેલ જોખમોને સમજવા એ તેનાથી પણ વધારે અઘરૂં છે.




એક પ્લાન્ટ, જેને તોડીને દૂર કરાઈ રહ્યો હતો ત્યારે એક પાઈપ જેને કોઈ માર્કીંગ કરાયુ ન હતુ અને તેનો કોઈ ઉલ્લેખ રેકોર્ડમાં ન હતો, તેના કેટલાક ભાગમાં રહેલા સલ્ફ્યુરીક એસીડને કારણે એક કામદારને ઈજા થઈ.

તો આપણે તેમની સાથે એવી રીતે વર્તવુ જોઈએ ? આપણે તેની સાથે એ રીતે વર્તવું જોઈએ કે જાણે આ સૌથી ખરાબ પરિસ્થિતિ ઉદ્ભવી છે, જયાં સુધી આપણે તે વિશે વધારે સારી માહિતી મેળવી ન લઈએ.

## શું તમે જાણો છો ?

આ શા માટે મહત્વપૂર્ણ છે ? તમે એવા જોખમોને જ કાબુમાં કરી શકો છો જે તમે જુઓ અને ઓળખો છો. કેમીકલ અને પેટ્રોકેમીકલ કારખાનામાં એવા ઘણા બધાં ફરતાં ભાગો નથી હોતા જેનાથી કારખાનુ ચાલુ લાગે. તેનો મતલબ એ છે કે જોખમોને ઓળખવા, સમજવા જરૂરી છે. અને એવી પ્રણાલી ગોઠવવી પડે જે તેને સુરક્ષિત રીતે કાબુમાં રાખી શકે.

પાઈપ અને વેસલને ખોલતી વખતે તેના જોખમને જાણવુ વધારે અગત્યનુ છે. પ્રક્રિયા કરી રહેલા સાધનમાં શુ છે અથવા શુ હતું, દબાણ અને તાપમાન શુ છે, તેના વિશે પુરતી જાણકારી મેળવ્યા વગર, કામ કરવા માટેની તૈયારી કરવી અને કામ કરવું ખતરનાક બની શકે છે.

## તમે શું કરી શકો ?

- તમારી પ્રક્રિયા અને સાધનના દરેક ભાગમાં શુ છે તે વિશે જાણો. પ્રતિક્રિયા કરતી પ્રણાલીમાં સમય સાથે આ બધું બદલાતું હોય છે.
- પાઈપ અને સાધનોના લેબલીંગ સચોટ હોય અને સ્પષ્ટ રીતે દેખાતુ હોય, તેની ખાત્રી કરો.
- જ્યારે સાધનમાં સુધારો કરવામાં આવે જેમકે બેચમાં બદલાવ કરો અથવા તેનાં ભૌતિક પરીણામમાં બદલાવામાં આવે ત્યારે તેમાં તમારા વ્યવસ્થાપનમાં બદલાવ (એમઓસી) પ્રક્રિયા અંતર્ગત સમીક્ષા કરો અને તેનાથી સાધનના લેબલીંગ સુધારવુ પડે તે પણ ધ્યાનમાં રાખો.
- પાઈપલાઈન કાપવા, સાધનો ખોલવા અને લોકઆઉટ ટેગ આઉટ (લોટો) વિગેરે પ્રણાલીનુ પાલન કરો.
- તમારે આવી પ્રવૃત્તિઓ કરવાનું થાય ત્યારે બધી જરૂરી પરમીટની જરૂરીઆતનુ ચોક્કસાઈથી પાલન કરો. જો કોઈ અસ્પષ્ટ અથવા ઉકેલી ન શકાય એવો મુદો જણાય તો, થોભો અને આગળ વધતા પહેલા કોઈને આ પરિસ્થિતિ ની સમીક્ષા કરવાનુ કહો. ઘણા અકસ્માતો (જુન ૨૦૧૮નુ બિકન જુઓ.) પરમીટ પ્રણાલીને અયોગ્ય રીતે આગળ ધપાવતા થયેલા છે.

**જોખમોને ઓળખવું– એ પ્રક્રિયા સુરક્ષાનું પહેલું પગથીયું છે !**

©AIChE 2019. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.!